જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૭/૯/૨૦૧૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૦૮/૧૫</u>

## ચારીત્ર્ય ઉપર શંકા રાખી પત્નિને સાબરમતીમા ફેંકી દઇ મોતને ઘાટ ઉતારનાર નાસતો ફરતો પતિ અને તેનો ભાઇ તથા મિત્રો ક્રાઇમ બ્રાંચની ઝપટમાં

ના.પો.કમિ.શ્રી, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ સેલના પોલીસ ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓની રાહબરી હેઠળ સાયબર સેલના પો.સ.ઇ.શ્રી તરલ ભટ્ટ નાઓએ સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે અમદાવાદ શહેર વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન (૧) સુરેશ S/O નાનુભાઇ થરેસા (ઠાકોર) ઉવ.૩૬, રહેવાસીઃ ત્રીકમલાલની ચાલી, હેમરાજ સ્કુલની સામે, વિકાસ ગ્રુહ રોડ, પાલડી, અમદાવાદ શહેર તથા (૨) અલ્પેશ ઉર્ફે હક્કો S/O નાનુભાઇ થરેસા (ઠાકોર) ઉવ.૨૮, રહે.સદર તથા (૩) લક્ષ્મણ ઉર્ફે લખો મોતીલાલ ચૌધરી ઉવ.૨૦, રહે. સદર તથા (૪) મુકેશભાઇ મનજીભાઇ બાબરીયા ઉવ.૩૮, રહે.સદરનાઓને ઓઢવ સર્કલ પાસેથી પકડી પાડેલ છે.

આરોપીની પુછપરછમા જણાવેલ છે કે, આરોપી સુરેશની પત્નિ અને આરોપી અલ્પેશ ઉર્ફે હક્કાની ભાભી શીલ્પાબેન નાઓ સુરેશની સાથે બાર વરસથી લગ્ન થયેલ હોવા છતા બીજા પુરુષો સાથે આડા સંબંધો રાખતી હતી અને પોતાના ત્રણ બાળકોને સાથે નહી રાખી બીજાઓની સાથે ફર્યા કરતી હતી. છેલ્લા એક વરસથી શીલ્પાબેન ગાંધીનગરમા રહેતા સેમ્યુઅલ મોરીસ ક્રીષ્યયન નામના ઇસમની સાથે રહેતી હતી અને પોતાના બાળકોને સાચવતી નહોઇ આરોપીએ તેની માતાના ઘરે બાળકો મુકી દીધેલ હતા. શીલ્પાબેનને સમજાવવા છતાં તે પોતાના બાળકોને રાખતી નહતી અને તેના કારણે સુરેશે તેના નાના ભાઇ અલ્પેશને અને તેની માતાને વાત કરેલ હતી. શીલ્પાને હંસાબેન મનુભાઇ દરબાર નાઓએ નાનપણથી દત્તક લીધેલ હતી અને શીલ્પાના અસલ માબાપ ચીત્તરંજન દાસ અને ઉષાબેન કે જેઓ રાયપુર, ન્યુ ક્લોથ માર્કેટ પાછળ ઔડાના મકાનમા રહે છે તેઓ છે. અમે તેઓને પણ શીલ્પાના ચારીત્ર્ય ખરાબ હોવા બાબતે વાત કરેલ અને તેને સમજાવવા કહેલ પરંતુ હંસાબેન અને શીલ્પાના ખરા માબાપ એકબીજા પર જવાબદારી નાંખતા હતા અને શીલ્પાને કોઇ દિવસ સમજાવતા નહતા. તા.૦૫.૦૯.૨૦૧૫ ના જન્માષ્ટમીના દિવસે શીલ્પાબેન તેની માતા હંસાબેનના ઘરે આવેલ હોવાનુ જાણતા સુરેશે તેના ભાઇ અલ્પેશને વાત કરી પોતે શીલ્પાબેનને પોતાના ઘરે રહેવા સમજાવવા હંસાબેનના ઘરે ગયેલ અને અલ્પેશ પણ ત્યાં ગયેલ. જેથી તેમના મિત્રો લક્ષ્મણ ઉર્ફે લખો મોતીલાલ ચૌધરી તથા (૪) મુકેશભાઇ મનજીભાઇ બાબરીયા નાઓ પણ આવેલ અને ચારેય જણાએ શીલ્પાબેનને સમજાવવા પ્રયત્ન કરેલ આ દરમ્યાન ઝઘડો થયેલ અને શીલ્પાબેનને અલ્પેશ ઉર્ફે હક્કાએ પોતાની હિરો હોંડા સ્પ્લેંડર મો.સા.પર બેસાડેલ અને લક્ષ્મણ ઉર્ફે લખાએ બાઇક ચલાવી લીધેલ અને સાબરમતી નદી પર લઇ ગયેલ અને સાબરમતી નદી પરથી ધક્કો મારી પાણીમા ફેંકી દીધેલ હોવાનુ જણાવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

જયારે વેજલપુર પોલીસ સ્ટેશનમા દાખલ થયેલ ફરિયાદમાઁ મરણ જનાર શીલ્પાબેન ને તેમના પતિ સારી રીતે રાખતા ન હોઇ અને અવાર નવાર મારઝુડ કરતા હોવાથી શીલ્પાબેન તેમના પતિને ઘરે રહેવા જતા નહતા અને ગાંધીનગરમા રહેતા જજ મોરીસ ક્રીષ્ચયન ના ઘરે પટાવાળા તરીકે નોકરી કરતા અને ત્યાં જ રહેતા હતા. જન્માષ્ટમીના દિવસે શીલ્પાબેનના પતિ તથા દિયર અલ્પેશ તથા મુકેશ અને લક્ષ્મણ નાઓ બે બાઇક લઇ આવેલા અને ઝઘડો કરી શીલ્પાબેનને બાઇકો પર બેસાડી ડો.આંબેડકર બ્રીજ તરફ લઇ ગયેલ હતા.

શીલ્પાબેનને તા.૦૫.૦૯.૨૦૧૫ ના રાતના સમયે સાબરમતી નદીમા જીવતા નાંખી દેવામા આવેલ જેઓની લાશ તા.૦૬.૦૯.૨૦૧૫ ના બપોરના સમયે મળી આવેલ છે અને આ બાબતે વેજલપુર પોલીસ સ્ટેશનમા ખુનનો ગુનાઓ દાખલ કરવામા આવેલ હોઇ સદરી આરોપીઓને વેજલપુર પોલીસને સોંપવા તજવીજ હાથ ધરવામા આવેલ છે.

## <u>સાબરમતી ચાંદખેડા વિસ્તારમાં રેલ્વેલાઇન ની પાસેનાં વિસ્તારમાં રાત્રી સમયે ટ્રેન નીકળતાં ટ્રેનનાં અવાજ વખતે જ કારનાં ઝેકની મદદથી બારી દરવાજા ગ્રીલ તોડી ઘરફોડ ચોરીઓ કરતાં આરોપીઓને રૂપિયા ૨,૦૩,૪૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે ઝડપી ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિ. શ્રી દીપન ભદ્રન નાઓની સુચનાથી, મદદનીશ પોલીસ કમિ. શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની રાહબરી હેઠળ, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી એ.પી.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી જે.એન.ચાવડા નાઓ ટીમના પોલીસ કર્મચારીઓ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન હેડ.કોન્સ. દીનેશકુમાર શિવમુરત તથા પો.કોન્સ. કરણસિંહ રવસિંહ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીક્ત આધારે સાબરમતી, જવાહરચોક ત્રણ રસ્તા ખાતે વોચ ગોઠવેલ. વોચ દરમિયાન મળેલ બાતમી હકીકત મુજબની ટાટા એ.સી.ઇ. લોડીંગ ટેમ્પો નં. જીજે-૧૮-એક્સ-૪૫૬૧ ના ચાલક સહીત વાહનમાં સવાર અન્ય એક ઈસમ બેસી આવતા તેઓને સદર વાહન સાથે રોકી લીધેલ. બાદ સદર ઈસમોની પુછપરછ કરી તપાસ હાથ ધરતા વાહન ચાલક અવધેશ ઉર્ફે લલ્લા ઉર્ફે બાબુ સંતરામ પાલ ઉ.વ.૨૧, રહે. શામળભાઇ ની ચાલી, લક્ષ્મીનગર સોસાયટી પાછળ, દિગ્વીજયનગર, કાળીગામ, સાબરમતી, અમદાવાદ તથા વાહનમાં બેસેલ ઈસમ શૈલેષ ઉર્ફે શૈલો સન/ઓફ દશરથભાઇ છગનભાઇ દંતાણી ઉ.વ.૧૮, રહે. આબુનગર સોસાયટી પાસે, રેલ્વે ના છાપરા, ડી, કેબીન, સાબરમતી, અમદાવાદ હોવાનુ જણાઈ આવેલ છે. તેમજ સદર ઈસમોના કબ્જામાંના વાહનમાં તપાસ કરતા પ્રીન્ટર મશીન નંગ-૨, લેપટોપ નંગ-૧, મોબાઇલ ફોન નંગ-૭, મોબાઇલ ફોન ચાર્જર નંગ-૧૭, મોબાઇલ ફોનની બેટરી નંગ-૫, મોબાઇલ ફોનનાં જુદાજુદા કવર નંગ-૧૪, મેમરીકાર્ડ નુ એડેપ્ટર નંગ-૬, મોબાઇલ ફોનનાં ચાર્જરનાં કનેકટર નંગ-૨૦ કિં.રૂ.૩૪,૮૦૦/- તથા ગુનો કરવા માટે ઉપયોગ કરેલ લોડીંગ ટેમ્પો કિં.રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧,૮૪,૪૦૦/-ની મતાનો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે. તેમજ પકડાયેલ આરોપીઓએ સહ આરોપીઓ સાથે મળી અલગ-અલગ જગ્યાઓ ખાતેથી ચોરી કરેલ બેટરી નંગ-૩, ટાયર નંગ-૩, તથા રાંધણ ગેસનો બાટલો નંગ-૧ મળી કુલ કિં.રૂ.૧૯,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ આરોપી અવધેશ ઉર્ફે લલ્લા ઉર્ફે બાબુ સંતરામ પાલ નાએ પોતાના ઘરે મુકી રાખેલ હોય જે કબ્જે કરવામાં આવેલ છે. ઉપરોક્ત બન્ને આરોપીઓ પાસેથી કુલ્લે કિં.રૂ.૨,૦૩,૪૦૦/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ સબંધમાં પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે અમો રાત્રીના સમયે ટ્રેન નીકળે ત્યારે ટ્રેનનાં અવાજ વખતે કારનાં ઝેકની મદદથી બારી દરવાજા ગ્રીલ તોડી અલગ-અલગ પ્રકારની ચોરીઓ કરે છે. અને આ એમ.ઓ. મુજબ આજથી આશરે એકાદ માસ અગાઉ રાત્રિના સમયે આઈ.ઓ.સી. રેલ્વે ક્રોસીંગ પાસે આવેલ દરબાર શોપીંગ સેન્ટરમાં આવેલ એક દુકાનમાંથી પ્રીન્ટર મશીન નંગ-૨, લેપટોપ નંગ-૧, મોબાઇલ ફોન નંગ-૭, મોબાઇલ ફોન ચાર્જર નંગ-૧૭, મોબાઇલ ફોનની બેટરી નંગ-૫, મોબાઇલ ફોનનાં જુદાજુદા કવર નંગ-૧૪, મેમરીકાર્ડ નુ એડેપ્ટર નંગ-૬, મોબાઇલ ફોનનાં ચાર્જરનાં કનેકટર નંગ-૨૦ ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે મુદ્દામાલ સબંધમાં રમણભાઇ સુનીલભાઇ ઠાકુર નાઓએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપેલ હોય જે ગુનાની તપાસના કામે આરોપીઓ તથા મુદ્દામાલ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

આ સિવાય પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન છેલ્લા એકાદ વર્ષની અંદર બીજા સહ આરોપીઓ સાથે મળી સાબરમતી ચાંદખેડા વિસ્તારમાંથી નાની મોટી કુલ ૯ જેટલી ચોરીઓ કરેલ છે. પકડાયેલ બન્ને આરોપીઓએ સહ આરોપી રવિ દંતાણી નાની સાથે ભેગા મળી સાબરમતી તથા ચાંદખેડા વિસ્તારમાંથી એક ટેન્કર તથા એક છોટા હાથી લોડીગ ટેમ્પાની બેટરીઓની ચોરી કરેલ છે. તેમજ ન્યુ સીજી રોડ ઉપરથી એક છોટા હાથી લોડીગ ટેમ્પાના બે ટાયરોની ચોરી કરેલ હતી.

પકડાયેલ આરોપી અવધેષ ઉર્ફે લલ્લા ઉર્ફે બાબુ સંતરામપાલ નાએ સહ આરોપી જય મિશ્રા સાથે મળી એક ઇન્ડીયન ગેસનો બાટલો તથા છોટા હાથી લોડીંગ ટેમ્પાની બેટરીની ચોરી કરેલ છે. તેમજ સહ આરોપી મનોજ દંતાણી સાથે મળી ચેનપુર એક ફ્લેટ નીચેની દુકાનમાંથી રોકડા રૂ.૨૦.૦૦૦/-ની ચોરી કરેલ.

તેમજ પકડાયેલ આરોપી શૈલેષ દંતાણીએ સહ આરોપી રવિ દંતાણી સાથે મળી છેલ્લા દસ પંદર દિવસમાં સાબરમતી રામનગર વિસ્તારમાંથી એક સાયકલ તથા એક હાથલારીની ચોરી કરેલ છે.

ઉપરોક્ત મુદ્દામાલ સબંધમાં આગળની વધુ તપાસ પો.સ.ઇ એ.પી.ચૌધરી નાઓ કરી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)